# પત્રક ભાગ – ૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## ગુરુવાર, તા.૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

### ૧૪૮. સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબત.

સભાગૃહમાં આજરોજ ટૂંકી મુદ્દતના પ્રશ્નોની ચર્ચા શરૂ થાય તે પહેલાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ભા.રા.કો)ના નેતાશ્રી અમીત ચાવડાએ તેમના પક્ષના સભ્યો દ્વારા પૂછવામાં આવેલ ટૂંકી મુદ્દતના પ્રશ્નો નામંજૂર કરવા અને તે પ્રશ્નો દાખલ કરવાની માગણી સંબંધે પોઈન્ટ ઓડ ઓર્ડર ઉપસ્થિત કરેલ હતો. તે સમયે માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પોઈન્ટ ઓડ ઓર્ડર ઉપસ્થિત કરી શકાય નહી તેમ જણાવેલ અને તેમની રજૂઆત ટૂંકી મુદ્દતના પ્રશ્નોની ચર્ચા પૂર્ણ થયા બાદ કરવા વિનંતી કરેલ. તેમ છતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના હાજર સભ્યોએ પોતાની જગ્યા ઉપર ઉભા થઇને પ્લે કાર્ડ દર્શાવી ગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડેલ હતી. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધ કરનારા તમામ સભ્યશ્રીઓને બેસી જવાની વારંવાર વિનંતી કરેલ હતી અને પ્રશ્નોત્તરીકાળ ચાલુ હોવા છતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા તથા સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને તેમનો પક્ષ રજૂ કરવાની તક આપેલ હતી. માનનીય સભ્યશ્રી રમણલાલ વોરાએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાની રજૂઆત ગૃહની પરંપરા અને પ્રણાલિકા મુજબ અસ્થાને હોવાનું પણ જણાવેલ. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સભ્યોએ કરેલ રજૂઆતના અનુસંધાને માનનીય પ્રભારી મંત્રીશ્રી(મહેસૂલ) શ્રી બળવંતસિંહ રાજપૂત દ્વારા મહેસૂલ વિભાગના પ્રશ્ન અંગે જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ હતી. માનનીય અધ્યક્ષશ્રીએ પણ ટૂંકી મુદ્દતના પ્રશ્નો અંગે ગુજરાત વિધાનસભાના કામકાજના નિયમો મુજબ ટૂંકી મુદ્દતના પ્રશ્નનો જવાબ આપવા માટે માનનીય મંત્રીશ્રીની સહમતિ અનિવાર્ય હોઇ માનનીય મંત્રીશ્રીને જવાબ આપવા માટે ફરજ પાડી શકાય નહિં તેમ જણાવેલ. તેમ છતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ભા.રા.કો.)પક્ષના ગૃહમાં હાજર રહેલ સભ્યશ્રીઓએ જગ્યા પર ઉભા રહીને સતત સૂત્રોચ્ચાર કરી પ્લેકાર્ડ સાથે દેખાવો ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમને બેસી જવાની વારંવાર વિનંતી કરેલ હતી. તેમ છતાં વિરોધ કરનાર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ભા.રા.કો) પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે દેખાવો ચાલુ રાખેલ અને સભાગૃહનો ત્યાગ કર્યો હતો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ભા.રા.કો) પક્ષના સભ્યોની આ પ્રકારની વર્તણૂંકને ધ્યાને લઇ માનનીય સંસદીય અને વૈધાનિક બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગૃહની કાર્યવાહી દરમિયાન પ્લેકાર્ડ દર્શાવીને ખલેલ પહોંચાડવા તથા માનનીય અધ્યક્ષશ્રીની આ પ્રકારની વર્તણૂંક નહી કરવાની વારંવારની સૂચનાઓનો અનાદર કરીને વોકઆઉટ કરનાર કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓને સભાગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હતો. જેને માનનીય ગૃહ મંત્રીશ્રી (રાજયકક્ષા) હર્ષ સંઘવીએ ટેકો આપતા માનનીય અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ ગૃહના મત માટે મૂકયો હતો. સભાગૃહે આ પ્રસ્તાવ પસાર થતા માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ અન્વયે ગૃહમાં હાજર અને વિરોધ કરી રહેલા નીચે દર્શાવેલ કોંગ્રેસ પક્ષના સભ્યોને આજના દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | સભ્યશ્રીનું નામ | મત વિસ્તાર |
|---|---|---|
| ૧ | ખરાડી શ્રી કાન્તીભાઇ કાળાભાઇ | ૧૦–દાંતા |
| ૨ | ઠાકોર શ્રી અમૃતજી મોતીજી | ૧૫–કાંકરેજ |
| ૩ | ઠાકોર શ્રી દિનેશભાઇ આતાજી | ૧૭–ચાણસ્મા |
| ૪ | પટેલ શ્રી કિરીટકુમાર ચીમનલાલ | ૧૮–પાટણ |
| ૫ | ચૌધરી ડૉ.તુષાર અમરસિંહ | ૨૯–ખેડબ્રહ્મા |
| ૬ | ખેડાવાલા શ્રી ઇમરાન | ૫૨–જમાલપુર–ખાડીયા |
| ૭ | પરમાર શ્રી શૈલેષ મનુભાઇ | ૫૪–દાણીલીમડા |
| ૮ | ચુડાસમા શ્રી વિમલભાઇ કાનાભાઇ | ૯૦–સોમનાથ |
| ૯ | ચાવડા શ્રી અમીત | ૧૧૦–આંકલાવ |
| ૧૦ | ચૌહાણ શ્રી ગુલાબસિંહ સોમસિંહ | ૧૨૨–લુણાવાડા |
| ૧૧ | પટેલ શ્રી અનંતકુમાર હસમુખભાઇ | ૧૭૭ -વાંસદા |

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર.

ચેતન પંડયા
ઇન્ચાર્જ સચિવ
ગુજરાત વિધાનસભા